લીગલ ગુ. જા. નં.૦૪/૨૦૨૧
પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ,
મુ.તા.ફતેપુરા, જી.દાહોદ
તા.૨૫/૦૧/૨૦૨૧

પ્રતિ,
પ્રિન્સીપાલ શ્રી,
કબીર વિકાસ મંડળ સંચાલીત
આર્ટસ કોલેજ,
મુ.તા.ફતેપુરા, જી.દાહોદ

**વિષયઃ–** <u>તાલુકા લીગલ સર્વીસ ઓથોરીટી, ફતેપુરા દ્વારા એન્ટી રેગીંગ લો અને પોકસો લો અંગે જન જાગૃતી શિબીર આપના કોલેજ કેમ્પસ ખાતે યોજવા સહયોગ કરવા બાબત.</u>

મહાશય,

જય ભારત સહ ઉપરોકત વિષય અન્વયે આપશ્રીને જણાવવાનુ કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી અને ડીસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટી, દાહોદના નિર્દેશો અનુસાર આદિવાસી વિસ્તારોમા પોકસો એકટ અંગેની જાગરૂકતા ફેલાવવા માટે અત્રેની તાલુકા લીગલ સર્વીસ ઓથોરીટી, ફતેપુરાનાઓને પોકસો એકટ તેમજ એન્ટી રેગીંગ લો અંગેની જાગરૂકતા યુવાનોમા ફેલાવવા માટે જણાવવામા આવેલ છે. જે અંતર્ગત આપની આપની કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ કાયદા નિષ્ણાત વકીલશ્રીની હાજરીમા તા.૨૭/૦૧/૨૦૨૧ના રોજ એક જન જાગૃતી શિબીર યોજવા આપની કોલેજની પસંદગી કરવામા આવી હોઇ જે બાબતે આપની કોલેજના વિદ્યાર્થીઓને અવગત કરી સદર જનજાગૃતી શિબીરને સફળ બનાવવા સહયોગ કરવા આપશ્રીને આ પત્રથી જણાવવામા આવે છે.

સહકારની અપેક્ષા સહ.....

**હુકમથી,**

રજીસ્ટ્રાર કમ નાઝર
તાલુકા કાનુની સેવા સત્તા મંડળ,
મુ.તા.ફતેપુરા, જી.દાહોદ

Scanned by CamScanner

મિત્રો,

આજ રોજ ફતેપુરા, તાલુકા લીગલ સર્વીસ ઓથોરીટીના સહયોગથી યોજવામા આવનારી એન્ટી રેગીંગ અને પોકસો એકટ અંતર્ગત જાગરૂકતા અને કાનૂની સમજ ફેલાવવા માટે આ શિબીર આયોજીત કરવામા આવી છે.

નામદાર સુપ્રિમ કોર્ટના તા.16.05.2007 ના હૂકમ અનુસાર શૈક્ષણીક સંસ્થાનોમા રેગીંગને રોકવા માટે કડક ગાઇડલાઇન બનાવવામા આવી છે. જે અંતર્ગત યુ.જી.સી. દ્વારા ભારત સરકારના તા. ૪ જુલાઇ ૨૦૦૯ના ગેઝેટમા આ ગાઇડલાઇન પ્રસિદ્ધ કરવામા આવી છે.

**<u>કયા કૃત્યોને રેગીંગ કહેવામા આવે છે ?</u>**

નિચેના કોઇપણ કૃત્યને રેગીંગ ગણવામા આવે છે.

(એ) એવુ કોઇપણ આચરણ જેના દ્વારા કોઇપણ છાત્ર કે છાત્રોને, મૌખિક ટીપ્પણી કે લખાણ કે અનુચિત કાર્ય દ્વારા હેરાન કરવામા આવે, પછી ભલે તે છાત્ર નવો છાત્ર હોય કે જુનો તેને રેગીંગ માનવામા આવશે.

(બી) કોઇપણ નવો છાત્રએ જુના છાત્રો દ્વારા અનુસાશનહીન ગતિવિધીઓનો શિકાર બને છે કે તેમના સિનીયર છાત્રો દ્વારા કરવામા આવતી એવી કોઇપણ હરકત કે જેના દ્વારા અન્ય છાત્રને મુશ્કેલી, શારીરીક કે માનસીક કે મનોવૈજ્ઞાનિક તકલીફ થવાની સંભાવના હોય તેવી દરેક હરકત ને રેગીંગ ગણવામા આવશે.

(સી) કોઇપણ છાત્રને એવુ કોઇપણ કાર્ય કરવા કહેવામા આવે જેના દ્વારા તેને પિડા, કે શર્મની ભાવનાનો સામનો કરવો પડે અને જેની છાત્રની માનસીક સ્થિતી પર વિપરીત અસર પડે તેવી તમામ ક્રીયાઓને રેગીંગ ગણવામા આવશે.

(ડી) કોઇપણ સિનીયર છાત્ર દ્વારા કોઇપણ નવા છાત્રના નિયમીત શિક્ષણને પ્રભાવીત કરે તેવી કોઇપણ ઘટના કે કાર્યને રેગીંગ ગણવામા આવશે.

(ઇ) કોઇપણ સિનીયર છાત્ર દ્વારા નવા છાત્રની શૈક્ષણીક ગતિવીધીને કોઇપણ રીતે બાધીત કરવી કે પરેશાન કરવુ.

(એફ) કોઇપણ એવી હરકત જેના દ્વારા કોઇપણ નવા છાત્રને સિનીયર છાત્ર દ્વારા આર્થિક ખર્ચો કરવા કે ખર્ચાનો ભાર તેના પર નાખવામા આવે તેવુ કૃત્ય.

Scanned by CamScanner

(જી) શારીરીક શોષણના બધા જ પ્રકારઃ યૌન શોષણનો કોઈપણ અધિનિયમ, સમલૈંગીક હુમલો, અલગ કરવુ, અશ્લીલ અને બીભત્સ કૃત્ય, ઈશારાઓ દ્રારા મજબુર છાત્રને શારીરીક કે માનસીક રીતે પ્રતાડીત કરવુ તથા તેના સ્વાસ્થય જોખમાય તેવુ કોઈપણ કૃત્ય કરવુ.

(એચ) કોઈપણ એવી હરકત, બોલેલા શબ્દો, ઈમેઈલ, ટપાલ, સાર્વજનિક અપમાન દ્રારા અધિનીયમના દુરૂપયોગ દ્રારા વિકૃત ખૂશી પામવી કે કામુક રોમાંચમા સક્રીય કે નિષ્ક્રીય કોઈપણ જુના કે નવા છાત્ર દ્રારા અસહજતાથી ભાગ લેવાથી રોમાંચ મેળવવો.

(આઈ) એવુ કોઈપણ કૃત્ય કે જે છાત્રના માનસિક સ્વાસ્થય કે તેના આત્મવિશ્વાસને પ્રભાવીત કરતુ હોય અને કોઈપણ છાત્ર નવા છાત્ર પાસે કામુક આનંદ પ્રાપ્ત કરવા માટે ખુશી, બંદ શકિત કે શ્રેષ્ઠતાનો અધિકાર દેખાડી રહ્યો હોય તેવુ કૃત્ય.

**<u>પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેંસ એક્સ (POCSO)</u>**

**<u>શું છે POCSO એક્ટ? આ છે એક્ટ સાથે જોડાયેલ 10 વાતો</u>**

1. 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સાથે કોઈપણ રીતનું સેક્સ્યુઅસલ હેરેસમેન્ટ કાયદાના દાયરામાં આવે છે. આ કાયદો છોકરો અને છોકરીને સમાન રીતે જુવે છે.

2. આ એક્ટ અંતર્ગત બાળકોને સેક્સુઅલ અસોલ્ટ, સેક્સ્યુઅલ હરેસમેન્ટ અને પોર્નોગ્રાફી જેવા અપરાધોથી પ્રોટેક્ટ કરવામાં આવે છે.

3. 2012 માં બનેલા આ કાયદામાં અલગ અલગ અપરાધ માટે અલગ અલગ સજા નક્કી કરવામાં આવી છે.

**4.પોક્સો કાયદા અંતર્ગત બધા અપરાધોની સુનાવણી, એક વિશેષ ન્યાયાલય દ્રારા કેમેરાની સામે બાળકને જેમની પર વિશ્વાસ હોય તેમની સામે સુનાવણી થશે.**

5. જો કોઈ વ્યકિત કોઈ બાળકના શરીરના કોઈપણ ભાગમાં પ્રાઈવેટ પાર્ટ નાંખે છે તો આ સેક્શન 3 અંતર્ગત અપરાધ છે. જેના માટે કલમ 4 માં સજા નક્કી કરવામાં આવશે.

6. જો અપરાધીએ કેટલાક એવા અપરાધ કરે છે જે બાળ અપરાધ કાયદા ઉપરાંત કોઈ બીજા કાયદામાં પણ અપરાધ છે તો અપરાધીને સજા તે કાયદા અંતર્ગત પણ થશે, જે સૌથી કડક હશે.

7. જો કોઈ વ્યકિત કોઈ બાળકના પ્રાઈવેટ પાર્ટને ટચ કરે છે કે પોતાનો પ્રાઈવેટ પાર્ટ બાળકને અડકાવે છે તો કલમ 8 અંતર્ગત સજા થશે.

8. જો કોઈ વ્યકિત ખોટી નિયતથી બાળકની સામે સેક્સુઅલ હરકતો કરે છે કે તેને આવું કરવાનું કહે

Scanned by CamScanner

છે, પોર્નોગ્રાફી દેખાડે છે તો 3 વર્ષથી લઇને ઉંમર કેદ સુધીની સજા થઇ શકે છે.

9. આ અધિનિયમમાં એ પણ કહેવામાં આવ્યું છે કે જો કોઇ વ્યક્તિ એ જાણે છે કે કોઇ બાળકનું યૌન શોષણ થયું છે તો તેની જાણ પાસેના પોલીસ સ્ટેશનમાં કરવી જોઇએ. જો તે આવું નહીં કરે તો તેને છ મહિનાની જેલ થશે.

10.આ કાયદામાં એ પણ કહેવામાં આવ્યું છે કે બાળકના યૌન શોષણના મામલા ઘટના થવાની તારીખથી એક વર્ષની અંદર આ ઉકેલાઇ જવો જોઇએ.

સગીરો સાથે બળાત્કારની વધતી ઘટનાઓના કારણે સરકારે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેંસ એક્સ (POCSO)માં મોટા બદલાવ થયા છે. POCSO એક્ટમાં બદલાવના પ્રસ્તાવને મંજૂરી મળ્યા પછી હવે 12 વર્ષથી ઓછી ઉંમરની બાળક સાથે રેપના મામલાઓમાં મોતની સજા થશે. દેશભરમાંથી છેલ્લા કેટલાય સમયથી આ માટે કડક કાયદો બનાવવાની માગ થઇ રહી હતી. તો જાણીએ આ POCSO એક્ટ શું છે.

**POCSO એક્ટમાં શું થયો બદલાવ?**

–હવે 12 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓ સાથે રેપના મામલામાં મોતની સજા થશે.

– 16 વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે રેપ મામલામાં ઓછામાં ઓછી 10 વર્ષથી વધારીને 20 વર્ષ કરવામાં આવી છે.

Scanned by CamScanner